**નવપરિણીત અનુપમા ઠાકરે અને રાઘવ બેન્દ્રે હનીમૂન યાત્રા માટે એક સ્ટીમર પર પ્રવાસ શરૂ કરે છે. તરતમાં જ માંદગીમાંથી ઊઠેલી અનુપમા સ્ટીમરની પોતાની કેબિનનો નંબર તેર જોઇને મૂંઝાઇ જાય છે. એ પછી વળી રાઘવ એ લોકોની રકમ સ્ટીમરના પર્સરને સોંપવા જાય છે. બસ, એ પછી એનો પત્તો લાગતો નથી! અનુપમાની પીડાનો પાર નથી. શું તેની પેલી રકમને ખાતર કોઇએ રાઘવની હત્યા કરી હશે?**

# હસબંડ જરૂર અસ્તિત્વ ધરાવે છે અથવા અસ્તિત્વ ધરાવતો હતો!

## હસબંડ ખોવાયો!-4

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

અનુપમા કેબિન છોડીને ગઇ એટલે કેપ્ટન વિનાયકે ગજવામાંથી રૂમાલ કાઢીને ચહેરા તથા ગરદન લૂછતાં કહ્યું, 'હાશ, રણચંડીથી છુટકારો થયો!' 'તમારો તો છુટકારો થયો, કેપ્ટન' અજયે ટકોર કરી 'પણ એનો બિચારીનો છુટકારો નથી થયો હોં.' 'હેં...! હા, હા, સાચી વાત', કેપ્ટને માથું ધુણાવ્યું. 'તમને શું લાગે છે, અજયબાબુ, છોકરી કશુંક ગાંડુઘેલુ સાહસ કરી બેસશે?'

'મને તો ડર છે કે આપણે ધ્યાન નહિ રાખીએ તો એ ગાંડી દરિયામાં કૂદી પડશે!' મહાજને ડર દર્શાવ્યો. 'પાગલોના શો ભરોસો?'

'મારી વાત સાંભળો, સાહેબો,' અજયે કહ્યું. 'અનુપમા ગાંડી નથી જરાય પાગલ નથી. છેલ્લા બે-ત્રણ કલાકથી હું એની સાથે છું. માનસિક અસંતુલનનું એકેય લક્ષણ એનામાં જોવા મળ્યું નથી. પોતાના હસબંડ વિશેની વાતમાં પણ એ દૃઢ છે.'

'એમ તો પોતાને નેપોલિયન માનતો પાગલ પણ પોતાની માન્યતામાં દૃઢ હોય છે.' મહાજને ટકોર કરી.

'એ જોકની વાત થઈ. આ ઘટના જોક નથી. કેપ્ટન સાહેબ! મહાજન સાહેબ! અનુપમા ઠાકરેનો હસબંડ જરૂર અસ્તિત્વ ધરાવે છે, અથવા અસ્તિત્વ ધરાવતો હતો.'

'તમે એમ કહેવા માગો છો કે પેલા પાંચ લાખ એની પાસે હોવાથી કોઈકે એને લૂંટીને મારી નાખ્યો અને દરિયામાં ફગાવી દીધો? એવું કોણ કરે?'

'કોઈ પેસેન્જર હોય, અથવા કોઈ ઓફિસર હોઈ શકે.'

'તમે કહેવા શું માગો છો, અજયબાબુ?' પોતાના ઓફિસરો તરફ ઈશારો થતાં કેપ્ટન વિનાયકની વફાદારી જાગી.

'કેબિનના દરવાજા પરના નંબર તો બદલી શકાય છે. તમે એક પતરા પર જોઈતો નંબર ચીતરીને તમારા ગજવામાં રાખી શકો, અને સમયસર જૂના નંબરની તકતી પર એ પતરું ભરાવી શકો છો.'

'પણ એવું કરે કોણ? શા માટે!' મહાજન બોલી ઊઠયો.

'જરા તમારા દિમાગનો ઉપયોગ કરો, મિસ્ટર મહાજન! અને તમે પણ, કપ્ટન સાહેબ! મને તો લાગે છે કે એક આખા માનવીને આમ અદૃશ્ય કરવાનું સહેલું છે. મિસ્ટર મહાજને અમુક પેસેન્જર કેમ ન જોયાં એ સમજવું પણ અઘરું નથી... પણ અત્યારે તો આપણી એક પવિત્ર ફરજ છે. અનુપમા ઠાકરે કશું જોખમી પગલું ભરી ન બેસે એનું ધ્યાન રાખવું પડશે... કેપ્ટન સાહેબ, તમારી પાસે સ્ટાફ ઓછો છે એ સમજું છું. પણ એક માનવીની જિંદગીનો સવાલ છે. એટલે આજની રાત મિસ્ટર મહાજનની ડ્યુટી મારી સાથે ગોઠવો.'

'ઓલ રાઈટ! ઓલ રાઈટ!' વિનાયકે માથું ધુણાવતાં અને ટેબલ થપથપાવતાં કહ્યું. 'મહેશ? તું આ ડિટેક્ટીવ મહાશયની સાથે રહેજે. એ કહે તેમ કરજે અને પેલી મૂરખી આપઘાત ન કરી બેસે એનું બંને જણ ખાસ ધ્યાન રાખજો. કયાંક 'મહાલક્ષ્મી'ને કાળી ટીલી લાગી ન જાય!'

---

એ રાત અજંપાની રાત હતી. દરિયો અજંપ હતો. 'મહાલક્ષ્મી'માં ઉછાળ હતો. અનુપમા ઘડીક ઝોકું ખાઈ લેતી હતી અને ઘડીક પોતાની



ટ્રેજેડી યાદ આવતાં ઝબકીને જાગતી હતી. એને અજયે ઊંઘની એક ગોળી આપી હતી. કહ્યું હતું કે ખૂબ માઈલ્ડ ગોળી છે. કદાચ ઊંઘ ન પણ આવે. પરંતુ તમારી હાલતમાં વધારે ગોળીઓ આપવી યોગ્ય નથી. ચિંતામાં ને ચિંતામાં એણે વસ્ત્રો પણ બદલ્યાં નહોતાં. એ જ નવોઢાનો શણગાર અને પહેરવેશ સજીને એ સૂતી હતી. ક્યારેક ઝબકીને પોતાનો આ વેશ જોતી. હનીમૂન યાત્રામાં જ પતિ ગુમ થયો છે, એનો વિચાર કરતી અને રડી પડતી.

આમ ને આમ રાતના ચારેક વાગ્યા. દરિયો તો હજુય ઊછળતો હતો. પણ 'મહાલક્ષ્મી' મોટી સ્ટીમર હતી. ગમે તેવાં મોટાં મોજાંનીય ઉપરથી પસાર થઈ જતી હતી. આથી લગભગ તમામ પેસેન્જર નિરાંતે સૂતાં હતાં.

આવી વેળાએ કેબિન 'સિક્સટીન-બી'માં ટેલિફોન રણક્યો. અર્ધ-ઊંઘમાં માંડ જંપેલી અનુપમા થોડી ઘડી તો સમજી જ ન શકી કે ફોન રણકે છે. દસેક રિંગ પછી ભાન થયું કે ફોન બોલી રહ્યો છે. એણે સફાળા બેઠા થઈ તે રિસીવર ઊઠાવ્યું. કાને માંડ્યું. 'કોણ? હલો! કોણ બોલે છે?'

સામે ધીમો, દબાયેલો, સાવચેત અવાજ આવ્યો.

'અનુ! ડાર્લિંગ અનુપમા! સાંભળ. મોટેથી બોલીશ નહિ. હું કહું છું તે ધ્યાનથી સાંભળ.'

'ઓહ, તું બોલે છે? રાઘવ, ડાર્લિંગ, તું ક્યાં... ક્યાં...'

'મેં કહ્યું ને, અનુ. ખૂબ ધીમે બોલ. હું તારો રાઘવ બોલું છું.'

'રાઘવ! વહાલા! તને કાંઈ...'

'બચી ગયો છું.'

'તને કોણે-'

'શીસ? ફોન પર બધું કહેવાય એમ નથી. સાંભળ અને હું કહું છું એમ કર... કેબિનમાંથી ચૂપચાપ નીકળ અને તૂતકના પાછળના ભાગમાં આવ. જ્યાં પેલી નાની નાની બોટો પડી છે ને, ત્યાં આવ. ખ્યાલ આવ્યો?'

'જરૂર.'

'તો હવે ચૂપચાપ નીકળી આવ. પણ કોઈ જોઈ ન જાય એની સાવધાની રાખજે.'

'હમણાં જ આવી, ડાર્લિંગ.'

'અને એ પછી પાંચ જ સેકંડમાં અનુપમા કેબિનમાંથી નીકળીને પચીસેક સેંકડમાં પાછળના તૂતક પર પહોંચી ગઈ. ત્યાં વીસ જેટલી બચાવ નૌકાઓ તૂતક પર ઊંધી પાડીને બાંધી રાખવામાં આવેલી હતી. અનુપમા એ નૌકાઓ પાસે પહોંચી એટલે છેક કઠેડા પાસેની નૌકા તરફથી એક ધીમો અવાજ સંભળાયો, 'કોણ? અનુપમા કે?'

'હા, રાઘવ! તું ક્યાં છે?'

'અહીં છેક છેલ્લી બોટ પાછળ છુપાયો છું. તું ધીમે ધીમે આ તરફ ચાલી આવ.'

'પણ... ડાર્લિંગ!' અનુપમાએ ગાઢ અંધકાર વચ્ચે આગળ વધતાં અને નજરો ખેંચીને જોતાં જોતાં કહ્યું, 'ત્યાં છેક છેડે... તું જરાક આગળ આવ ને... ત્યાં તો આ બોટો ઉતારવાની જગા લાગે છે... જરાય રેલિંગ પણ નથી લાગતી...'

'ચિંતા ન કર, અનુ. હું તને પડવા નહિ દઉં'.

'ઓલ રાઈટ... આવું છું, પણ ધ્યાન રાખજે... જો, હું ગબડી ને, તો... અને...અને...ઓ...ય! આ શું છે? હું તો અધવચ્ચે જ ગબડી પડી!'

'અને, મિસ અનુપમા!' એકાએક તૂતક પર એક બુલંદ અવાજ ગર્જી ઊઠ્યો. 'જ્યાં પડ્યાં છો ત્યાં જ પડ્યાં રહેજો' તમારી આવરદાએ તમને વચ્ચે પછાડ્યા છે!'

અને બીજી જ ક્ષણે એક શક્તિશાળી ટોર્ચ ઝગી ઊઠી. અનુપમા જ્યાં ગબડી પડી હતી ત્યાં અજવાળું આવ્યું. એણે જોયું કે દોરડું બાંધેલું એક લંગર ત્યાં તૂતક પર પડ્યું હતું.

'જલદી આ બાજુ આવ, અનુ!' છેલ્લી નૌકા પાછળ લપાઈ જનારે સૂચના કરી.

'મિસ અનુપમા!' પેલો સ્વસ્થ અવાજ પાછો ગાજ્યો. હવે એ અવાજ અનુપમાએ ઓળખ્યો. એ તો ડિટેક્ટીવ અજય વર્માનો અવાજ હતો. એ અવાજે ફરી સૂચના આપી, 'જીવવા માંગતા હો તો જરાય આગળ ન જશો! લંગરના એ દોરડામાં અટવાવીને તમને પછાડી દેવાની અને ખેંચવાની યોજના છે! તમને દરિયે નાખવાની બાજી છે! જહાજની આ પાછલી બાજુએ જ એન્જીનનો પંખો ફરે છે. એમાં પડીને ટુકડેટુકડા થઈ જશો!'

અજય આટલું બોલી રહે ત્યાં જ પવનનો એક જોરદાર સુસવાટો આવ્યો. 'મહાલક્ષ્મી' પૂરા પાંચ મીટર ઊછળી. બીજું તો કશું ન થયું, પરંતુ લૂઝ બાંધવામાં આવેલી એની બચાવ નૌકાઓ ખળભળી ઊઠી. હાલકડોલક થઈ, અને છેલ્લી નૌકાની પાછળ છુપાયેલા આદમીને એક જોરદાર ધક્કો વાગી ગયો. એ દી...ર્ઘ મરણચીસ પાડીને દરિયામાં પછડાયો...

દરિયો એટલો બધો તોફાની હતો કે એના બચાવની કોશિશ કરવી નિરર્થક હતી.

અનુપમા ફરી વાર બેહોશ થઈ ગઈ. અજયે પોતાની પાછળ આવી રહેલા મહાજનને નજીક બોલાવ્યો. બંને જણે મળીને સાવચેતીથી અનુપમાને ઉપાડી અને કેબિન સિક્સટીન-બીમાં સુવાડી દીધી. પછી એ ડેકની સ્ટુઅર્ડેસને જગાડીને એને કેબિનમાં બેસાડી.

---

સવારના સાતેક વાગે અનુપમા હોંશમાં આવી ત્યાં સુધીમાં દરિયો શાંત થઈ ગયો હતો. કેપ્ટન વિનાયક, મહેશ મહાજન, અજય વર્મા, સ્ટુઅર્ડેસ, બધા એને ઘેરીને ચિંતાતુર બેઠા હતા. એણે આંખો ઉઘાડી. આજુબાજુ નજર ફેરવી. એટલે કેપ્ટને વાત શરૂ કરી, 'ધન્યવાદ, મિસ ઠાકરે! તમે યમલોકને તાળી દઈને પાછાં આવ્યાં!'

'પણ' ફરી વાર આખી કેબિનમાં નજરો ફેરવતા અનુપમાએ પ્રશ્ન કર્યો, 'પણ મારા હસબંડ?' 'એ તમારો હસબંડ બન્યો હતો તમારા પાંચ લાખ રૂપિયા પડાવી લેવા માટે. અને પોતે કદી પકડાય નહિ એ માટે એણે તમારું મર્ડર કરવાનો કારસો ગોઠવ્યો હતો', અજયે જણાવ્યું. 'પણ એ કેવી રીતે બને? વળી, આપણા આ મહાજન સાહેબ તો કહે છે કે મારી સાથે કોઈ પેસેન્જર હતો જ નહિ! પેસેન્જર તરીકે એનું નામ નહિ, સામાન નહિ! જહાજના તસુએ તસુની તપાસ કરી, પણ રાઘવની નિશાની સુધ્ધાં નહિ! મારું ખૂન કરવાની સાઝિશ રચી? કોણ એ?શું છે આ બધું?' અનુપમા વળી ગૂંચવાઈ.●

**(વાચક મિત્રો, આ તબક્કે તમને જ પૂછીએ છીએ શું છે આ બધું? અનુપમા સાથે લગ્ન કરનાર આવ્યો હતો તો છૂપો કઇ રીતે રહી શક્યો? અલોપ થવાની કળા એને આવડતી હશે?)**

**જીવવા માંગતા હો તો જરાય આગળ ન જશો! લંગરના એ દોરડામાં અટવાવીને તમને પછાડી દેવાની અને ખેંચવાની યોજના છે! તમને દરિયે નાખવાની બાજી છે! જહાજની આ પાછલી બાજુએ જ એન્જીનનો પંખો ફરે છે. એમાં પડીને ટુકડેટુકડા થઇ જશો!**